# વાત્રક જળાશયની માઈનોર કેનાલ વાલાની મુવાડી નજીક ઓવરફ્લો

## પાણી ઓવરફ્લો થતાં ખેડૂતો ચિંતિત બન્યા

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૦

વાત્રક જળાશયમાંથી ખેડૂતોને સિંચાઈ માટે ફરી એક્વાર



પાણી છોડાયું છે ત્યારે મંગળવાર પરોઢે માઈનોર કેનાલ વાલાની મુવાડી નજીક ઓવરફ્લો થતાં ખેડૂતો ચિંતિત બન્યા હતા. પાણી વધુ છોડાયું કે પછી ખેડૂતોએ સિંચાઈ લેવાનું ટાળતાં કેનાલ ઓવરફ્લો થઈ..?? તે મુદ્દે અવઢવ સર્જાઈ છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર આ વર્ષે ઓછો વરસાદ અને વાત્રક જળાશયમાં માંડ ૫૦ટકા પાણી ભરાયું હોવા છતાં વિભાગ દ્વારા ખેડૂતોને રવી સીઝન માટે ૫ થી પાણી આપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. લાભપાંચમ પછી વાટક ડબિકાંઠાની મુખ્ય નહેરમાં સિંચાઈ માટે પાણી છોડાતા બાયડ, માલપુર તાલુકાની ૨૨૦૦ હેક્ટરથી વધુ જમીનને સિંચાઈનો લાભ મળી રહ્યો છે. વાત્રક જળાશયની મુખ્ય અને માઈનોર કેનાલમાં પાણી આવતાં



ખેડૂતોએ ઘઉ, બટાકા, રાયડો, જીરુ, વરીયાળી સહિતના પાકનું વાવેતર કર્યું છે. પરંતુ તા.૧૮ના રોજ વાત્રક જળાશયની ડાબીકાંઠાની બાયડ નજીકના વાલાનીમુવાડી નજીસ્થી પસાર થતી માઈનોર કેનાલમાં એકાએક પાણી ઓવરફ્લો થતાં કમાડ એરીયાના ખેડૂતો ચિંતિત બની ગયા હતા અને તાબડતોબ આ અંગે વિભાગના અધિકારી સંસ્કારભાઈ બ્રહ્મભટ્ટનું ધ્યાન દોરતાં પાણીનો ફ્લો ઓછો કરાવતાં ખેડૂતોનું નુક્સાન ટળ્યું હતું.

# મોટાભાગની પ્રજાએ દિવસ દરમ્યાન ગરમ વસ્ત્રો હટાવ્યા

## જિલ્લામાં તાપમાનનો પારો બપોરે ૨૭ ડિગ્રીને આવ્યો : ઠંડીમાં રાહત

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૦

જિલ્લામાં ગાત્રો થીજવતી ઠંડીમાં ઠવાતી પ્રજાને બુધવારે ઘણી રાહત જોવા મળી. બપોરે તાપમાનનો પારો ૨૭ ડિગ્રીને આંબતાં ઉનાળાના પગરવ શરુ થયા જેવો પ્રજાએ અનુભવ કર્યો. જ્યારે છેલ્લા ૧૦ દિવસથી ઠંડીના કારણે ગરમ વસ્ત્રોમાં લપેટાયેલી પ્રજાને રાહત મળવાની સાથે પ્રજાએ દિવસ દરમ્યાન શરીર ઉપરથી ગરમ વસ્ત્રો હટાવ્યા હતા.

પ્રાપ્ત જાણકારી અનુસાર શિયાળો સડસડાટ આગળ વધી રહ્યો છે. રવી પાક તૈયાર થવાની શરુઆત થઈ છે. ત્યાં જ ફરી એક્વાર રાજ્યના અનેક વિસ્તારોમાં મોસમી માવઠાનું સંક્ટ હાવિ થયું છે. આગામી ૨ દિવસ ખેડૂતો માટે પડકાર જનક બની શકે છે પરંતુ ગત રોજથી ઠંડીનું પ્રમાણ ઘટ્યું અને લઘુત્તમ તાપમાનનો પારો ઉંચકાઈને ૧૨ ડિગ્રી પહોંચ્યો છે. જ્યારે બપોરે તાપમાનનો પારો ૨૭ ડિગ્રીને આંબતાં પરોઢે ઠંડી અને બપોરે ગરમીના કારણે હવે મિશ્ર ઋતુની શરુઆત થતી હોય તેવું જણાઈ રહ્યું છે. બપોરે જિલ્લાના ઈડરમાં મહત્તમ તાપમાન ૨૪ ડિગ્રી નોંધાયું હતું. આજે મહત્તમ તાપમાન ૨૮ ડિગ્રીને આંબી શકે છે. બાયડમાં મહત્તમ તાપમાન ૨૭ ડિગ્રી નોંધાયું હતું જે આજે ૧ ડિગ્રી વધવાની ધારણા છે. હિંમતનગરમાં લઘુત્તમ તાપમાન ૨૭ ડિગ્રી રહ્યું હતું. જેના કારણે બપોર દરમ્યાન લગ્નસરાના અવસર હતા તેવા પરિવારીને પંખા કાવવા પડે તેવી સ્થિતિ આવી પડી હતી.

## જન્મદિને વધામણી



ગીરીશભાઈ કોદરભાઇ પટેલ
સ્વામિનારાયણ સોસાયટી વિભાગ-૨
બાયડ (ગાબટ)



અલ્પાબેન પરેશભાઈ બ્રહ્મભટ્ટ
ઠાસરા, આકરુન્દ



હર્ષ પટેલ
બાયડ જીલ્લો અરવલ્લી

# ભિલોડા પોલીસ દ્વારા માસ્ક ડ્રાઈવ દરમ્યાન રૂ.વીસ હજારનો દંડની વસુલાત કરાઈ : ૧૦ વાહનો ડિટેઈન થયા

ભિલોડા,તા.૨૦

અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં કોરોના વાઈરસની ત્રીજી લહેરની શરૂઆત થઈ ગઈ છે ત્યારે અત્રે ઉલ્લેખનીય છે કે પોલીસ દ્વારા માસ્ક અભિયાન હાથ ધરાયું હતું.કોરોના વાઈરસની મહામારી દરમિયાન ગુજરાત રાજય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામાં મુજબ પી.એસ.આઈ. એમ.જી. વસાવાની રાહબરી હેઠળ પોલીસ કોન્સ્ટેબલ કલ્પેશભાઈ અસારી અને ટી.આર.બી જવાનોએ ભિલોડા શહેરમાં માસ્ક બાંધ્યા વગર બિન્દાસપણે હરતા ફરતા વ્યક્તિઓ પાસેથી રૂા. ૨૦,૦૦૦/- નો દંડ વસુલ કરવામાં આવેલ તેમજ ૧૦ વાહનો ડીટેન કરવામાં આવેલ છે.

માસ્ક બાંધ્યા વગર બિન્દાસપણે ફરતા લોકોમાં ભારે ફફડાટ ફેલાયો છે.પોલીસ દ્વારા કડકાઈ દાખવવામાં આવે તો બેજવાબદાર લોકોની શાન ઠેકાણે આવી શકે તેમ છે.

# જીતપુરના સીમાડામાં મગર આવી જતાં ફફડાટ વ્યાપ્યો: મગરનું રેફ્યુ કરી વાત્રક નદીમાં મુક્ત કરાયો

## દિપડા બાદ મગરે વન વિભાગને ધંધે લગાવ્યું

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૦

બાયડ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં દિપડાએ વન વિભાગને ધંધે લગાવ્યા પછી ગત રોજ જીતપુરના ખેતરમાં મગર જોવા મળતાં ફફડાટ વ્યાપી ગયો હતો. વન વિભાગ દિપડાનું પગેરુ મેળવવામાં નિષ્ફળ રહ્યું છે ત્યાં મગર ખેતરની મહેમાનગતિએ આવી જતાં રેસ્ક્યુટીમો દોડતી થઈ હતી જેમાં સલામત રીતે મગરને પકડી વાત્રક નદીમાં મુક્ત કરવામાં આવ્યો છે. વન વિભાગ વાત્રક નદીમાં મગર વસાહતનાં બોર્ડ ગોઠવી સંતોષ માની રહ્યું છે જેના કારણે હવે નદીમાંથી બહાર નિકળી આવતા મગર અને પ્રજા ઉપર બેવડું જોખમ ઉભું થયું છે.

બાયડ તાલુકાના પશ્ચિમ પટ્ટાના ગામડાઓમાં હમણાંથી દિપડાએ આંટાફેરા શરુ કરતાં સાંજ પડે સીમાડાઓમાં સન્નાટી વ્યાપી રહ્યો છે. ખેતરીમાં દિપડાના ફૂટ પ્રિન્ટ જોવા મળ્યા પછી હક્તમાં આવેલા વન વિભાગે મારણ સાથે પાંજરાં ગોઠવ્યાં પરંતુ ચબરાક દિપડો થાપ આપવામાં સફળ રહ્યો છે ત્યાં ગત રોજ જીતપુરના ખેડૂત કાળાભાઈ ચતુરભાઈ ઠાકોર સવારના સમયે ખેતરમાં ગયા હતા જ્યાં ખેતરના એક ખૂણે મગર ટહેલતો જોવા મળતાં ફફડી ઉઠગા હતા. મગર ખેતરમાં વાવેતર કરેલા પાક તેમજ નજીકના ઝાડીઝાંખરાંમાં સંતાઈ જાય તે અગાઉ તેના ઉપર ખેડૂતે વોચ ગોઠવી, ખેતરમાં મગર આવ્યાની વાત વાયુવેગે આસપાસમાં પ્રસરી જતાં મોટી જનમેદની ખેતરમાં ઉમટી પડી હતી. મગરથી કોઈને નુક્સાન પહોચે અથવા તો કોઈ મગરને નુક્સાન પહોંચાડે તે પૂર્વે જ વન વિભાગને જાણ કરવામાં આવી. વન વિભાગની રેફ્યુ ટીમે ખેતરમાં મગરની શોધખોળ કરી સફળતાપૂર્વક પકડ્યા પછી તેને નજીકથી પસાર થતી વાત્રક નદીના પાણીમાં મુક્ત કરતાં ખેડૂતોએ હાશ અનુભવી છે.



### મગરનું રેસક્યુ કરી વાત્રક નદીમાં છોડાયો-આર.એફ.ઓ.

બાયડ તાલુકાના જીતપુરના ખેતરમાં ઓચિંતો મગર આવી પહોંચતાં સીમાડામાં ફફડાટ વ્યાપી ગયો હતો. બનાવની વન વિભાગને જાણ કરવામાં આવતાં સફળ રેફ્યુ કરવામાં આવ્યું છે. બાયડ આર.એફ.ઓ., જે.એચ.ગોસ્વામીએ જણાવ્યું કે વન વિભાગની ટીમ અને ગ્રામજનોના સહયોગથી એક ક્લાકમાં મગરને સલામત રીતે પકડી વાત્રક નદીમાં છોડી મૂકવામાં આવ્યો છે.

# પ્રાંતિજના પલ્લાચર ખાતે ઈજાગ્રસ્ત હાલતમા ઘુવડ મળી આવ્યુ

પ્રાંતિજ તા.૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના પલ્લાચર ખાતે દોરીથી વિટાયેલ ઈજા ગસ્ત હાલતમા ધુવડ મળી આવ્યુ હતુ તો જીવદયા પ્રેમીઓ દ્વારા સારવાર બાદ વન વિભાગ મા સોપવામા આવ્યુ



પ્રાંતિજ તાલુકા ના પલ્લાચર ખાતે પતંગ ની દોરી થી વિટાયેલી ધવાયેલી ઈજા ગસ્ત હાલતમા ધુવડ દેખાતા પલ્લાચર જીવદયા પ્રેમીઓ દ્રારા ઈજાગ્રસ્ત ધુવડ ને પ્રાંતિજ પશુ દવાખાને લાવી દવા કરાવી ને ધુવડ ને પ્રાંતિજ વનવિભાગ ની ટીમ ને સોપવામા આવ્યુ હતુ.

# પ્રાંતિજ ખાતે રેલ્વે નીચે પડતુ મુકીને ઈસમે જીવનલીલાનો અંત આણ્યો

પ્રાંતિજ તા.૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તાર મા રહેતો ૪૦ વર્ષીય ઈસમે રેલ્વે નીચે પડતુ મુકી ને જીવનલીલા સંકેલી

પ્રાંતિજ ના રેલ્વેસ્ટેશન વિસ્તાર મા આવેલ સર્વોદય નગરમા રહેતો કાળાભાઈ મગાભાઈ બજાનીયા ઉ.વર્ષ-૪૦ કે પોતે વિકલાંગ અને અસ્થિર મગજ નો હોય તારીખ ૧૯ મી ની રાત્રી ના સમયે રેલ્વે નીચે પડતુ મુકને જીવન લીલા નો અંત આણ્યો હતો તો રેલ્વે પોલીસ તથા સ્થાનિક પોલીસ ને ધટના ની જાણ થતા ધટના સ્થળે દોડી આવ્યા હતા તો મૃતક ને ૧૦૮ મારફતે પ્રાંતિજ સિવિલ ખાતે પીએમ અર્થે મોકલી રેલ્વે પોલીસ તથા સ્થાનિક પોલીસ દ્વારા આગળ ની તપાસ હાથ ધરી હતી.

# ભિલોડામાં બેંક કર્મચારી કોરોનાની ઝપેટમાં સપડાયા

ભિલોડા,તા.૨૦

કોરોના વાઈરસની મહામારી દરમ્યાન બીજી લહેર




ઘાતક પુરવાર થયા બાદ હવે ત્રીજી લહેરનું સંક્રમણ દિન પ્રતિ દિન વધતા પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે.અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે હાર્દસમા મેઈન બજાર વિસ્તારમાં આવેલ સંતુહિરા માર્કેટ કાર્યરત બેંક ઓફ બરોડાના કર્મચારી કોરોના વાઈરસથી સંક્રમીત થયેલ હોય ત્યારે અત્રે ઉલ્લેખનીય છે કે બેંકમાં અવર-જવર કરતા ગ્રાહકોમાં ભારે ફફડાટ ફેલાયો છે.બેંક ઓફ બરોડામાં નાણાંકીય લેવડ દેવડ માટે અવર-જવર કરતા ગ્રાહકો ભારે મુંઝવણમાં મુકાયા છે.

ભિલોડામાં બેજવાબદાર લોકો મોઠા પર માસ્ક બાંધ્યા વગર બિન્દાસપણે બેંક,સરકારી ઓફીસો અને બજારમાં હરતા ફરતા હોવાના કારણે કોરોના સંક્રમણનો ભય સતાવી રહ્યો છે.આગામી દિવસોમાં જીવલેણ કોરોના વાઈરસથી સંક્રમીત દર્દીઓના કેસો વધશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

# કોરોનાનો કહેર : બનાસકાંઠા જિલ્લામાં કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે જિલ્લા આરોગ્ય અધિકારી પણ કોરોનામાં સપડાયા

પાલનપુર તા. ૨૦

જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એસ.એન.દેવનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આરોગ્ય અધિકારી કોરોના પોઝિટિવ આવતાં આરોગ્ય વિભાગ દોડતું થયું. બનાસકાંઠા જિલ્લામાં વધતા કોરોના સંક્રમણ વચ્ચે જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એસ.એન.દેવ કોરોનાની ચપેટમાં આવ્યા છે. જિલ્લા આરોગ્ય અધિકારી કોરોના પોઝિટિવ આવતા આરોગ્ય વિભાગ દોડતું થયું છે. આ અંગે અમારા બનાસકાંઠાના સંવાદદાતા હરેશ જી. જોષી નો અહેવાલ પાલનપુર થી જણાવે છે કે,

દેશ સહિત ગુજરાતમાં ત્રીજી વેવ શરૂ થઈ ચૂકી છે, ત્યારે બનાસકાંઠા જિલ્લામાં કોરોના પોઝિટિવ કેસોમાં સતત વધારો થતો જોવા મળી રહ્યો છે. વધતા કોરોના સંક્રમણને લઈને જિલ્લામાં કોરોના પોઝિટિવ આંકમાં પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. જેમાં જિલ્લામાં કુલ કોરોના પોઝિટિવ એક્ટિવ કેસ ૩૯૫ પર પહોંચ્યા છે. નોંધનીય છે કે જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એસ. એન. દેવનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવતા તંત્ર હરકતમાં આવ્યું છે. જો કે તંત્ર દ્વારા લોકોને અવારનવાર કોરોના ગાઈડ લાઈનનું પાલન કરવા અપીલ પણ કરવામાં આવી છે.

# ધાનેરા મુકામે સમૃધ્ધિ ગૌસેવા હોસ્પિટલ અનાવરણ કાર્યક્રમ યોજાયો

ધાનેરા તા.૨૦

કચ્છ કેશરી નામથી ગુજરાતમાં પ્રખ્યાત હિન્દુ યુવા સંગઠન ભારત ના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી રઘુવીર સિંહ જાડેજા બાપુ ને ધાનેરા મુકામે સમૃધ્ધિ ગૌસેવા હોસ્પિટલ ના અનાવરણ કાર્યકર્મ માં વિશેષ આમંત્રિત મહેમાન તરીકે



પધાર્યા હતા.

ડીસા શહેરમાં આગમન થતાં હિન્દુ ધર્મ નાં સંગઠનો એ સ્વાગત કર્યું હતું જેમાં બનાસકાંઠા હિન્દુ યુવા સંગઠન અને ડીસા શહેર અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ તેમજ યુવા ક્ષત્રિય સેના, ડીસા શહેર હિન્દુ યુવા વાહિની અને અન્ય હિન્દુ સંગઠનો દ્વારા હિન્દુ યુવા સંગઠન ના રાષ્ટ્રીય અધ્યક્ષ રઘુવીર સિંહ જાડેજા બાપુનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. આ અંગે અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી .પરમાર નો અહેવાલ જણાવે છે કે,

ગૌ માતા એ હિન્દુ ધર્મ ની માતા છે જે અનેક ગુણો નો ભંડાર છે જેમાં બત્રીશ કરોડ દેવતાનો વાસ છે ગૌસેવા માટે હોસ્પિટલમાં આવતી ગાયમાતા ને ખુબ સારી સેવા આપવા માં આવશે તેવું જણાવ્યું હતું.

ડીસા થી વિશાળ એમનાં કાફલા સાથે ધાનેરા મુકામે ગૌ સેવા ભજન સંધ્યામા કાર્યક્રમ માં ઉપસ્થિત થયા હતા.જયા ભજન કીર્તન કાર્યક્રમ માં રાજસ્થાનના પૂજનીય મહંત શ્રી પ્રતાપપૂરી મહારાજ, ટેટોટા ગૌશાળા મહંત શ્રી ,પથમેડા ગૌશાળા મહંત શ્રી તેમજ પૂર્વ આઈપીએસ ડી જી વણઝારા સાહેબ અને હિન્દુ યુવા સંગઠન ના રાષ્ટ્રીય અધ્યક્ષ રઘુવીર સિંહ જાડેજા અન્ય ઉપસ્થિત મહંતો નું સ્વાગત કરવામાં આવ્યું હતું.સ્થાનિક હિન્દુ સંગઠનો નાં અગ્રણીઓ મનોજસિહ ઠાકોર,પુજનભાઈ જોષી,નટવરજી ઠાકોર,હિતેષસિહ રાજપૂત ડીસા, ગોલ્ડન ઠક્કર ડીસા, ભરતભાઈ ખત્રી, કલ્પેશ ભારથી,કેતન ચૌધરી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ૧૮૧ અભયમ હેલ્પલાઈન અરવલ્લી જિલ્લાની મહિલાઓ માટે પણ આશીર્વાદરૂપ બની

## એક વર્ષમાં હેલ્પલાઈન ઉપર ૧૯૯૩ કોલ આવ્યા : ઘરેલુ હિંસાના ૧૨૧૩ કોલમાંથી ૩૨૧નું સ્થળ પર જ સમાધાન

મોડાસા, તા. ૨૦

રાજ્ય સરકાર દ્વારા મહિલાઓને મુશ્કેલ પરિસ્થિતિમાંથી ત્વરિત બહાર નીકળવા અને તેમને સમયસર મદદરૂપ થવા શરૂ થયેલી ૧૮૧ અભયમ હેલ્પલાઈનનો અસંખ્ય મહિલાઓ લાભ લઈ રહી છે..

અભયમની એક્સપર્ટ ટીમ ત્વરિત સ્થળ પર પહોંચીને સંકટમાં મુકાયેલી મહિલાને જરૂરી મદદ પૂરી પાડે છે. ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન અરવલ્લી જિલ્લાની મહિલાઓ માટે પણ આર્શીવાદરૂપ સાબિત થઇ છે.

૨૪ કલાક મહિલાઓની મદદ માટે કાર્યરત આ હેલ્પલાઈન એ માત્ર હેલ્પલાઈન જ નથી પરંતુ રાજ્ય સરકાર દ્વારા તમામ મહિલાઓને મળતો સહકાર છે.

કોરોના મહામારી વચ્ચે અભયમ હેલ્પલાઈન થકી એક્સપર્ટ ટીમ દ્વારા અન્ય મુશ્કેલીઓમાં મુકાયેલી મહિલાઓની વ્હારે આવી તે મહિલાઓને મદદરૂપ થવાના સફળ પ્રયત્નો કરવામાં આવ્યા છે. ઘરેલુ હિંસા, બાળલગ્ન, છેડતી, લગ્ન બહારના સંબંધો, આત્મહત્યામાં બચાવ ઉપરાંત માનસિક દિવ્યાંગ બહેનોને અભયમ ટીમ દ્વારા સમયસર મદદ પહોંચાડવામાં આવે છે. અરવલ્લી જિલ્લામાં વર્ષ-૨૦૨૧ દરમિયાન ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન ઉપર કુલ ૧૯૯૩ કોલ આવ્યા? જેમાં સૌથી વધારે ઘરેલુ હિંસાના કેસ આવ્યા હતા. જેના ૧૨૧૩ કોલમાંથી ૩૨૧નું સ્થળ પર જ સમાધાન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ૨૫૯ કેસને આગળની કાર્યવાહી માટે પોલીસ સ્ટેશનમાં સોંપવા સાથે કેટલાક કેસોને આશ્રય માટે સખી વન સ્ટોપ સેન્ટરમાં તેમજ ૈજીઝ ચાઈલ્ડ લાઈન, નારી અદાલત જેવી મહિલાને લગતી સંસ્થાઓમાં સોંપવામાં આવ્યા છે.